ક્રમાંકઃ મજસ-૩/જુના મોબાઇલ લે-વેચ જા.નામુ /૨૦૧૫-વશી-

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
સુરેન્દ્રનગર.
તા.૨૨/૦૭/૨૦૧૫

પોલીસ અધિક્ષકની કચેરી
સુરેન્દ્રનગર
28 JUL 2015
020892
જાવક નં.

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું જાહેરનામું //-

સુરેન્દ્રનગર જિલ્લામાં હાલના સંજોગોમાં જોરાવરનગર,વઢવાણ,ધ્રાંગધ્રા,લીંબડી,ચોટીલા,થાનગઢ,પાટડી વગેરે શહેરોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે. અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી,ધાડ,લુટ અપહરણ ધાક ધમકી ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃતિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી રોમીયોગીરી ફોન ઉપર બીભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુનો કરવાના ઈરાદે જુના મોબાઈલ ખરીદી કરી ગુનાઓ આચરવામાં આવે છે.

આવા ગુનાઓની પોલીસ તપાસ દરમ્યાન આવા નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોચવા પ્રત્યનો કરવામાં આવે છે ત્યારે આવા જુના મોબાઈલ ની લે-વેચ કરતા દુકાનદારો એ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનુ અથવા તો અજાણ્યા માણસોને વેચેલાનુ જાણવા મળે છે. અને મુળ આરોપી સુધી પહોચી શકાતુ નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેલાનુ જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદી કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઈ માહિતી મળતી નથી. જેથી આવા જુના મોબાઈલ ફોન ખરીદનાર તથા વેચનાર વેપારીઓએ જુના મોબાઈલ ખરીદનાર વ્યકિતીની સંપુર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટની સંપૂર્ણ માહિતીનું રજીસ્ટાર નિભાવવુ ખુબજ જરૂરી છે તેમજ ગુનો કરનાર આરોપી સુધી સહેલાઈથી પહોચી શકાય **તેમજ જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખી સુરેન્દ્રનગર જીલ્લાનાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઇ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૬/૦૫/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃએલ.આઇ.બી/જા.પ્ર/૩૮૦/૨૦૧૫ થી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નું **જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઇ આવેલ છે. તાજેતરની પરિસ્થતિમાં જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઇ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે** ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ નુ જાહેરનામું **ફરમાવવુ મને જરુરી જણાય છે.**

વાસ્તે હું હિતેષ કોયા, જી.એસ.એ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રુએ નીચેના કોલમ મુજબનુ રજીસ્ટર નિભાવવા હુકમ કરુ છુ.

**- રજીસ્ટ્રરમાં નીચે જણાવેલ કોલમ મુજબની માહિતી રાખવી -**

**(૧) જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર**

| અ.નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO | આ મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર | મોબાઈલ વેચનારનુ નામ સરનામા તથા કોન્ટેક નંબરની વિગત | ID પ્રુફની વિગત | મોબાઈલ વેચનારનો તાજેતરનો ફોટો |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(૨) જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર**

| અ.નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI NO | આ મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર | મોબાઈલ ખરીદનારનુ નામ સરનામા તથા કોન્ટેક નંબરની વિગત | ID પ્રુફની વિગત | મોબાઈલ ખરીદનારનો તાજેતરનો ફોટો |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આ જાહેરનામુ સુરેન્દ્રનગર જિલ્લાના વિસ્તારોમાં સહેલાઇથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને, પોલીસે લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફત તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જો કોઇ ઇસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

(હિતેષ કોયા)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જીલ્લો.

**નકલ જયભારત સાથ જાણ તથા જાહેર પ્રસિધ્ધિ સારૂ રવાના :-**

- જીલ્લા ન્યાયધિશશ્રી, જીલ્લા અદાલત, સુરેન્દ્રનગર
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર
- પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર
- અધિક જીલ્લા ન્યાયધિશશ્રી, એડી. સેશન્સ કોર્ટ, ધ્રાંગધ્રા/લીંબડી
- ચીફ જયુડી. મેજીશ્રી, સુરેન્દ્રનગર
- સબ ડીવીઝનલ મેજીશ્રી, વઢવાણ/ લીંબડી/ ધ્રાંગધ્રા/ ચોટીલા/ પાટડી
- વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/લીંબડી
- જયુડી. મેજીશ્રી,(ફ.ક.), લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી
- મદદનીશ સરકારી વકીલશ્રી,
  લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી/સુરેન્દ્રનગર
- એકઝીકયુટીવ મેજીશ્રી, લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/થાનગઢ/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/મુળી/વઢવાણ/લખતર/ધ્રાંગધ્રા/પાટડી
- જીલ્લા સરકારી વકીલશ્રી, સુરેન્દ્રનગર
- સર્કલ પોલીસ ઇન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર/લીંબડી/ચોટીલા/ધ્રાંગધ્રા
- પોલીસ ઇન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગરસીટી / ધ્રાંગધ્રાસીટી
- પોલીસ ઇન્સ્પેકટરશ્રી,એલ.આઇ.બી./એલ.સી.બી./એસ.ઓ.જી. સુરેન્દ્રનગર
- પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર સીટી /વઢવાણ/જોરાવરનગર/લીંબડી/ચુડા/સાયલા/ચોટીલા/
  થાનગઢ/પાટડી/દશાડા/ઝીંઝુવાડા/મુળી/પાણશીણા/લખતર/ધ્રાંગધ્રા તાલુકા/ધ્રાંગધ્રાસીટી
- ચીફ ઓફીસરશ્રી, સુરેન્દ્રનગર/વઢવાણ/ધ્રાંગધ્રા/લીંબડી/ચોટીલા/થાનગઢ/પાટડી
- ડેપો મેનેજરશ્રી, એસ.ટી.ડેપો. સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/લીંબડી/ચોટીલા/લખતર/સાયલા
- નાયબ માહિતી નિયામકશ્રી, સુરેન્દ્રનગર
- જાહેરનામાની અગ્રગણ્ય દૈનિક સમાચાર પત્રમાં વિના મુલ્યે પ્રેસનોટ આપવા સારૂ.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
- જાહેરનામાની ગેઝેટમાં પ્રસિધ્ધિ આપવા તેમજ ગેઝેટની ૧૦ નકલો અત્રેને મોકલી આપંવા સારૂ.
- સીલેકટ ફાઇલે